અપીલ અરજી નં.૧૧૨ તા.૪–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રાજેશભાઈ જયંતીભાઈ પટેલ
સામાવાળાઃ– પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજેશભાઈ જયંતીભાઈ પટેલની તા.૩૦–૩–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકામાં તાલિમાર્થી ત્રીજી શ્રેણી તરીકે પ્રોબેશન ઉપર હાલમાં ફરજ બજાવતા ભાગ્યેશકુમાર પી. ઘીવાળા, કર્મચારી નં.૩૩૧૦૫ ની વિરૂધ્ધમાં અમો અરજદારે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર ઓનલાઈન કરવામાં આવેલ ફરીયાદ નં.(૧) ૫૨૦૧૦૧૬૮૩ (૨) ૫૨૦૧૧૪૨ (૩) ૫૨૦૧૧૧૦૮ (૪) ૫૨૦૧૧૫૧૭ સંદર્ભે સુરત મહાનગરપાલિકા તરફથી જો કોઈ તપાસ કરવામાં આવેલ હોય અને તપાસમાં તેઓ ધ્વારા ખુલાશા કરવામાં આવેલ હોય તો અને તપાસ કરનાર અધિકારી ધ્વારા નિષ્કર્ષ આપવામાં આવેલ હોય તેનો સ્પષ્ટ જવાબ લેખિતમાં આપવો. વિ. મુદ્દા નં.૧ થી ૧૪ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૪–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૧૨/૨૦૧૧–૧૨

શ્રી રાજેશભાઈ જયંતીભાઈ પટેલની તા.૩૦–૩–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકામાં તાલિમાર્થી ત્રીજી શ્રેણી તરીકે પ્રોબેશન ઉપર હાલમાં ફરજ બજાવતા ભાગ્યેશકુમાર પી. ઘીવાળા, કર્મચારી નં.૩૩૧૦૫ ની વિરૂધ્ધમાં અમો અરજદારે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર ઓનલાઈન કરવામાં આવેલ ફરીયાદ નં.(૧) ૫૨૦૧ ૦૧૬૮૩ (૨) ૫૨૦૧૧૪૨ (૩) ૫૨૦૧૧૧૦૮ (૪) ૫૨૦૧૧૫૧૭ સંદર્ભે સુરત મહાનગરપાલિકા તરફથી જો કોઈ તપાસ કરવામાં આવેલ હોય અને તપાસમાં તેઓ ધ્વારા ખુલાશા કરવામાં આવેલ હોય તો અને તપાસ કરનાર અધિકારી ધ્વારા નિષ્કર્ષ આપવામાં આવેલ હોય તેનો સ્પષ્ટ જવાબ લેખિતમાં આપવો. વિ. મુદ્દા નં.૧ થી ૧૪ ની માહિતિ આપવા બાબતે માહિતિનો સ્પષ્ટ જવાબ ન આપેલ હોઈ ,પાઠાફેર, ઉડાઉ અને ગોળગોળ જવાબ આપેલ હોવાનું જણાવી તથા નકલો જાણી જોઈને આપેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૫૭ તા.૧૭–૬–૧૧ થી ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતિ અધિકારી ના પત્ર નં.જીએડી/ઈએસટી/ ૪૫૬ તા.૯–૫–૧૧ થી આપેલ માહિતિની નકલ રજુ કરેલ ન હોઈ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૯૭૪ તા.૨૧–૬–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૮૮૫ તા.૩૦–૩–૧૧ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ તથા વીજીલન્સ ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/૩૪ તા.૪–૪–૧૧ થી ડે.કમિ.(પઅનેઈ) મધયસ્થ મહેકમને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં. જીએડી/ ઈએસટી/ ૪૫૬ તા.૯–૫–૧૧ ના પત્રની નકલ, શ.વિ. અને શ.વિ.ગૃ.નિ. ના પત્ર નં.પરચ/૧૦૨૦૦૯/ ૪૧૧૮ / પી/ તા.૧૦–૮–૦૯ ના પત્રની નકલ, ભારત સરકારના પત્ર ક્રમાંક ૧/૭/૨૦૦૯/આઈઆર તા.૧–૬–૦૯ થી કર્મચારી વર્ગ જાહેર ફરીયાદ અને પેન્શન મંત્રાલય તાલીમ વિભાગની કચેરી યાદીના પત્રની નકલ, મર્હુમ કર્મ. શ્રી પ્રફુલચંદ્ર બી. ઘીવાલાના આશ્રિત તરીકે ભાગ્યેશકુમાર ઘીવાલાનું નોકરી મેળવવા માટેનું સંયુકત પત્રકની નકલ, મર્હુમ કર્મચારીના સર્વ આશ્રિતોની વિગતો અન્વયે સ્થળ તપાસના રીપોર્ટની નકલ, ૧૦૦ના સ્ટેમ્પ પેપર પર આપેલ બાંહેધરીપત્રકની નકલ, ભાગ્યેશકુમાર પી. ઘીવાલાની આશ્રિત તરીકે નોકરી મેળવવા બાબતની અરજીની નકલ, મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૧૦ તા.૬–૫–૦૯ ના નિયત સમય અવધિ બાદ પત્ર ઈફકો ટોકીયો કું. ધ્વારા તા.૧/૧/૧૦ ના રોજ આપેલ જવાબની નકલ, ઈફકો ટોકીયો ઈન્સ્યુરન્સ કંપની સુરતને એજન્સી નંબર બંધ કરવા અંગેના પત્રની નકલ, ઈફકો ટોકીયો જનરલ ઈન્સ્યુરન્સ કંપનીને શ્રી ભાગ્યેશ પી. ઘીવાલાની માહિતી માંગતો પત્ર નં.જીએડી/ઈએસટી/ ૩૨૦૮ તા.૧૩–૧–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે રજૂ કરેલ નથી.

અરજદારની તા.૩૦–૩–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જે રાંદેરઝોન તરફથી અરજી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૮૮૫ તા.૩૦–૩–૧૧ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તથા વીજીલન્સ ઓફિસરને તબદીલ કરેલ છે. જે બાબતે અરજદારે સ્પષ્ટ જવાબ ન આપેલ હોઈ પાઠાફેર, ઉડાઉ અને ગોળગોળ જવાબ આપેલ હોવાનું જણાવી તથા નકલો જાણી જોઈને આપેલ ન હોવાનું જણાવી તા.૪–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે.

જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકામાં તાલિમાર્થી ત્રીજી શ્રેણી તરીકે પ્રોબેશન ઉપર હાલમાં ફરજ બજાવતા ભાગ્યેશકુમાર પી. ધીવાળા, કર્મચારી નં.૩૩૧૦૫ ની વિરૂધ્ધમાં અમો અરજદારે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર ઓનલાઈન કરવામાં આવેલ ફરીયાદ નં.(૧) ૫૨૦૧૦૧૬૮૩ (૨) ૫૨૦૧૧૪૨ (૩) ૫૨૦૧૧૧૦૮ (૪) ૫૨૦૧૧૫૧૭ સંદર્ભે સુરત મહાનગરપાલિકા તરફથી જો કોઈ તપાસ કરવામાં આવેલ હોય અને તપાસમાં તેઓ ધ્વારા ખુલાશા કરવામાં આવેલ હોય તો અને તપાસ કરનાર અધિકારી ધ્વારા નિષ્કર્ષ આપવામાં આવેલ હોય તેનો સ્પષ્ટ જવાબ લેખિતમાં આપવો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારે સુમપાની વેબસાઈટ ઉપર કરેલ ઓનલાઈન કરેલ ફરીયાદ સંદર્ભે જણાવવાનું કે મધ્યસ્થ મહેકમની કચેરીએ સુમપાની વેબસાઈટ ખુલતી ન હોવાથી સદર અરજી સંદર્ભે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. પરંતુ અરજદાર મજકુરની સમાન પ્રકારની અરજીઓ સંદર્ભે કરેલ કાર્યવાહીની સંપૂર્ણ વિગતથી અરજદારને વાકેફ કરવામાં આવેલ છે. જેની જાણ અરજદારને મુદ્દા નં.૧૪ ની પૂર્તતા મુજબ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે જે અંગે અરજદારે મુદ્દા નં.૧ માં ઉડાઉ જવાબ આપેલ છે તેવું જણાવી જો કોઈ તપાસ કરવામાં આવેલ હોય અને તપાસમાં તેઓ ધ્વારા ખુલાસા કરવામાં આવેલ હોય તો અને તપાસ કરનાર અધિકારી ધ્વારા નિષ્કર્ષ આપવામાં આવેલ હોય તેનો સ્પષ્ટ જવાબ લેખિતમાં આપવો. તેવી રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારે મુદ્દા નં. ૧૪ માં અરજદારને આપેલી માહિતીમાં મુદ્દા નં.૧૪ માં અરજદારની પૂર્વોત્તર ૧ થી ૨૫ કરવામાં આવેલી અરજીઓ સંદર્ભે જે તે સમયે આપેલી માહિતીની વિગતો પૂરી પાડવામાં આવેલ છે.

મુદ્દા નં.(૨) સુરત મહાનગપાલિકામાં તાલીમાર્થી ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે પ્રોબેશન ઉપર હાલમાં ફરજ બજાવતા ભાગ્યેશકુમાર પી. ધીવાલા કર્મ નં.૩૩૧૦૫ નોકરીમાં જોડાયા ત્યારે રજૂ કરેલ એપ્લીકેશન ફોર્મ, બાંહેધરી પત્ર, એફીડેવીટ વિગેરે તમામ પેપર્સની સર્ટીફાઈડ પ્રમાણિત નકલ નંગ–૧ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શ્રી ભાગ્યેશકુમાર પી. ધીવાળા (કર્મ નં.૩૩૧૦૫) નોકરીમાં જોડાયા ત્યારે રજૂ કરેલ બીડાણો સહિતની નકલો આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. આમ અરજદારને માંગેલ માહિતી પૂરી પાડેલ છે જે અંગે અરજદારની અપીલ તબકકે કોઈ તકરાર હોવાનું જણાવેલ નથી.

મુદ્દા નં.(૩) શ્રી ભાગ્યેશકુમાર પી. ધીવાળા કર્મ નં.૩૩૧૦૫ તા.૧૭–૧૦–૦૬ ના રોજ સુરત મહાનગપાલિકાની નોકરીમાં જોડાયા બાદ અન્ય નોકરી વ્યવસાય, એજન્સી ધ્વારા મેળવેલ પગાર, કમિશન વિગેરેની સુરત મહાનગપાલિકામાં અરજદાર ધ્વારા આપવામાં આવેલ પુરાવાઓ ખોટા અને ઓથોરીટીને ગેરમાર્ગે દોરનાર છે? તેનો સ્પષ્ટ જવાબ લેખિતમાં આપવો. અરજદાર ધ્વારા આપવામાં આવેલ પુરાવાઓ મહાનગરપીલકા તરફથી તપાસ કરવામાં આવેલ છે કે કેમ? જો ન કરવામાં આવી હોય તો તે કયાં નિયમો હેઠળ અને કયા અધિકારીના આદેશથી તપાસ કરવામાં આવેલ નથી તેની સ્પષ્ટ જવાબ લેખિતમાં આપવો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની ભુતકાળની અરજી સંદર્ભે કરવામાં આવેલ તપાસ સંદર્ભેના તારણ રીપોર્ટની નકલ અરજદારને આ અગાઉ પૂરી પાડવામાં આવેલ છે.( મુદ્દા નં.૧૪ ની પૂર્તતા મુજબ) તેવું જણાવેલ છે. અરજદારે અપીલ તબકકે અરજદાર ધ્વારા આપવામાં આવેલ પુરાવાઓ ખોટા અને ઓથોરીટીને ગેરમાર્ગે દોરનાર છે? તેનો સ્પષ્ટ જવાબ લેખિતમાં આપવો. તેવો પ્રશ્ન તકરાર નિવારણને લગતો છે. જયારે અરજદાર ધ્વારા આપવામાં આવેલ પુરાવાઓ મનપા તરફથી તપાસ કરવામાં આવેલ છે કે કેમ? જો ન કરવામાં આવી હોય તો કયા નિયમો હેઠળ અને કયા અધિકારીના આદેશથી તપાસ કરવામાં આવેલ નથી તેનો સ્પષ્ટ જવાબ લેખિતમાં આપવો. તેવી રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારે જાહેર માહિતી અધિકારીએ તપાસ સંદર્ભેના તારણના રીપોર્ટની નકલ અગાઉ પૂરી પાડવામાં આવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જયારે તકરાર નિવારણને લગતી બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે છે. અત્રે એ પણ પ્રસ્તુત છે કે અરજદારે પુરાવા ખોટા અથવા ગેરમાર્ગે દોરનારા હોવાનો ઉત્તર માંગેલ છે જે ચકાસણીને લગતી બાબત છે અને તે દફતરી ઉપલબ્ધતા પર નિર્ભર છે. જો તે દફતરે ઉપલબ્ધ ન હોય તો જાહેર માહિતી અધિકારીએ માહિતી પૂરી પાડયાના હેતુથી અલાયદા નિષ્કર્ષ પર આવવાનું રહે નહીં.

મુદ્દા નં.૪ સુરત મહાનગપાલિકામાં તાલીમાર્થી ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે પ્રોબેશન ઉપર હાલમાં ફરજ બજાવતાં ભાગ્યેશકુમાર પી. ધીવાળા, કર્મ નં.૩૩૧૦૫ તા.૧૭–૧૦–૦૬ ના રોજ જોડાયા બાદ ચાલુ રાખેલ ઈન્સ્યોરન્સ એજન્સી અંગે વીઆઈઓશ્રીએ તા.૭–૮–૦૮ ના રોજ મ્યુ. કમિ.શ્રીને તારણ જોતાં જરૂરી આગળની કાર્યવાહી માટે ડે.કમિ.(૫અનેઈ) પ્રતિ મોકલવા રજૂ કરેલ રીપોર્ટ , જેના પર મ્યુ. કમિ.શ્રીએ તા.૧૨/૮ લખેલ છે તે રીપોર્ટના પેરા નં.૫ ના તારણ નં.૩ "<u>અરજદારે રજૂ કરેલ પુરાવાની વિગતે મજકુર કર્મચારીના નામે ચાલી આવેલ એજન્સી ઉપર તા.૨૯–૯–૦૭ ના રોજ છેલ્લો વીમો લેવાયેલ હોવાનું ધ્યાને આવેલ છે.</u>" તે અનુસાર કર્મચારી મજકુરે મહાનગરપાલિકાની સરકારી નોકરીમાં જોડાયા બાદ પણ એજન્સી ચાલુ રાખેલ હોવાનું સ્પષ્ટપણે ફલિત થાય છે. તદુપરાંત તારણ નં.૪ અનુસાર કર્મચારી મજકુરે આપેલ નિવેદન ખોટું અને ઓથોરીટીને ગેરમાર્ગે દોરનારું હોવાનું પણ સ્પષ્ટપણે ફલિત થાય છે. જે રીપોર્ટ પર વીઆઈઓશ્રીએ પેરા (૫)મુજબ તારણ જોતાં <u>જરૂરી આગળની કાર્યવાહી માટે ડે.કમિ. શ્રી (૫અનેઈ) પ્રતિ મોકલવા</u> જરૂરી મંજુરી માટે રજૂ કરેલ શેરા પર મ્યુ. કમિ.શ્રીએ તા.૧૨–૮–૦૮ ના રોજ સહી કરેલ છે તેમ છતાં કર્મચારી મજકુર કે જેને **રહેમરાહે "કમચલાઉ અને નોટીસ આપ્યા વગર કોઈ પણ સમયે છુટા કરવામાં આવશે."** ની શરત સાથે ડે.કમિ.(૫અનેઈ) એ તા.૧૬–૧૦–૦૬ ના રોજ

જીએડી/ઈએસટી/ /૩૦૦૮ થી કચેરી હુકમ કરેલ હોય અને તાલીમાર્થી કર્મચારી મજકુર સામે પ્રથમ દર્શનીય ગંભીર પુરાવો મળેલ હોવા છતાં કર્મચારીની આ વર્તણુંક અંગે તેના વિરુધ્ધ કરવામાં આવેલ તમામ રોપોર્ટસ/શો–કોઝ/ નોટિશ/ચાર્જશીટ તથા તેના અનુસંધાનમાં કર્મચારી મજકુર તરફથી રજૂ કરવામાં આવેલ ખુલાસાઓની દરેકની નકલ–૧ સર્ટીફાઈડ આપવી. ગુજરાત સીવીલ સર્વીસીસ રૂલ્સ તથા સુરત મહાનગપાલિકાના ઠરાવેલા નિતી નિયમો અનુસાર કર્મચારીએ આચરેલ ગુના અંગે પ્રથમ દર્શનીય ગંભીર પુરાવો મળેલ હોય તો તેને તાત્કાલીક અસરથી અમલમાં આવે તે રીતે સસ્પેન્ડ કરવાનો રહે છે આ કેસમાં તેવું શા માટે કરવામાં આવેલ નથી. અને કયા કારણોસ રક્ષણ પુરું પાડવામાં આવી રહેલ છે. આ રીતે કર્મચારીને ખોટી રીતે રક્ષણ આપવા માટે છેવટની જવાબદારી કોની? તેનો સ્પષ્ટ જવાબ આપવા વિનંતી. અમો અરજદારે તા.૧૨–૮–૦૮ થી આજ દિન સુધીમાં જુદી જુદી તારીખે અરજી સાથે આપેલા પુરાવાઓ ધ્યાને ન લઈ કયા કારણસર અને કયા અધિકારીના મેળપીપણામાં મજકુર કર્મચારીને રક્ષણ પુરું પાડવામાં આવે છે ? તે અધિકારીનું નામ અને તને કયા કાયદાઓ હેઠળ રક્ષણ પુરું પાડવામાં આવી રહેલ છે આ રીતે કર્મચારીને ખોટી રીતે રક્ષણ આપવા માટે છેવટની જવાબદારી કોની તેની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારે તા.૧૨–૮–૦૮ થી આજ દિન સુધીમાં જુદી જુદી તારીખે અરજીઓ વિશે કયા કારણસર વિગેરે પ્રશ્ન સ્વરૂપમાં માહિતીની માંગણી કરેલ છે. શ.વિ. અને શ.વિ.ગૃ.નિ. વિભાગ , સચિવાલય, ગાંધીનગના પત્ર ક્રમાંક પરચ/૧૦૨૦૦૯/ ૪૧૧૮ / પી સાથે સામેલ ભારત સરકાર કર્મચારી વર્ગ, જાહેર ફરીયાદો અને પેન્શન મંત્રાલય અને કર્મચારી વર્ગ અને તાલીમ વિભાગ, નવી દિલ્હી યાદી ક્રમાંક ૧/૭/૨૦૦૯ /આઈઆર/૧ લી જુન ૨૦૦૯ ની નકલ આ સાથે સામેલ છે જેમાં જણાવેલ વિગતોને ધ્યાને લેતાં માહિતીની વ્યાખ્યાના ફલકમાં "શા માટે" પ્રકારના પ્રશ્નોના જવાબોનો સમાવેશ થતો નથી. અમુક બાબતો શા માટે કરવામાં આવી કે ન કરવામાં આવી તે જણાવવાનું જાહેર માહિતી અધિકારીઓ પાસેથી અપેક્ષા રાખી શકાય નહીં ઉચિતપણુ ન્યાય નિર્ણય કરનાર સત્તાધિકારીઓની સત્તામાં આવે છે અને તેને માહિતી તરીકે યોગ્ય રીતે વર્ગીકૃત કરી શકાય નહીં ભાગ્યેશ પી. ઘીવાળાને મેમો/શો–કોઝ નોટીસ/ચાર્જશીટ/ ની વિગત મધ્યસ્થ મહેકમના રેકર્ડ ઉપર નથી. તેવું જણાવેલ છે. વધુમાં અરજદારે અપીલના આધાર તરીકે આજ દિન સુધીમા શું કાર્યવાહી કરવામાં આવી તેની માહિતી આપેલ નથી. ત્રણ ત્રણ વર્ષમાં કરેલ કાર્યવાહીની માહિતી આપવામાં આવેલ નથી. કર્મચારી મજકુર સામે આજ દિન સુધીમાં નિયમ મુજબ નોકરીમાંથી દુર કરવા અંગેની શું કાર્યવાહી કરવામાં આવી તેનો જવાબ લેખિતમાં આપેલ નથી. કર્મચારીને ખોટી રીતે રક્ષણ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કર્મચારીને આપવામાં આવેલ શો–કોઝ નોટીસ ચાર્જશીટ વિગેરે કરવામાં આવેલ કાર્યવાહી તથા કર્મચારી તરફથી આપેલ જવાબોની નકલો આપવા છતાં આપેલ નથી તેમજ કર્મચારીને અયોગ્ય રીતે રક્ષણ પુરું પાડવામાં આવી રહયું છે. તેવા અધિકારી/કર્મચારીની માહિતી આપી નથી. તેવી રજૂઆત કરેલ છે. આમ અરજદારની રજૂઆત તકરાર નિવારણને લગતી છે. અરજદારે મેમો/શો–કોઝ કે ચાર્જશીટ કે નોટીસ બાબતેની જવાબોની નકલ માંગવામાં આવ્યા છતાં આપવામાં આવેલ નથી. તેવી રજૂઆત બાબતે જાહેર માહિતી અધિકારીએ તે રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે.

મુદ્દા નં.૫ સુરત મહાનગપાલિકામાં તાલીમાર્થી ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે પ્રોબેશન ઉપર હાલમાં ફરજ બજાવતા ભાગ્યેશકુમાર પી. ઘીવાલા કર્મ નં.૩૩૧૦૫ તા.૧૭–૧૦–૦૬ ના રોજ સુરત મહાનગપાલિકાની નોકરીમાં જોડાયા બાદ પણ ઈફકો ટોકયો જનરલ ઈન્સ્યુરન્સ કાં. લીમીટેડમાં લાઈસન્સ નં.૫૭૭૧૬૬૮૯૨૫ ધરાવતાં હતા અને તેઓનો એજન્ટ નં.૫૨૦૦૦૧૯૬ છે જેની એક્ષ્પાયરી તા.૨૧–૪–૦૭ હતી તે લાઈસન્સ પુરું થાય તે પહેલા તા.૨૯–૧–૦૭ માં જ રીન્યુ કરાવેલ. તેનો સ્ક્રોલ નં.૨૦૩૫૮૯ થી રૂા.૩૫૦/– જમા કરાવેલ છે તો તેઓની વિરુધ્ધમાં કરવામાં આવેલ ફરીયાદ અરજી સંદર્ભે સુરત મહાનગપાલિકા તરફથી જો કોઈ તપાસ કરવામાં આવેલ હોય અને તપાસમાં તેઓ ધ્વારા ખુલાસા કરવામાં આવેલ હોય તો અને તપાસ કરનાર અધિકારી ધ્વારા નિષકર્ષ આપવામાં આવેલ હોય તો નીચે મુજબની માહિતી આપવી. (ક)તેઓ ધ્વારા સુરત મહાનગપાલિકાની નોકરીમાં જોડાયા બાદ ઈફકો ટોકીયો જનરલ ઈન્સ્યુરન્સ કાં. લીમીટેડમાં એજન્સી રદ કરવા અંગે કોઈ રજૂઆત કરાયેલ હતી કે કેમ? જો કરેલ હોય તો તેની નકલ. (ખ) તેઓ ધ્વારા એજન્સી રદ કરાવેલ હોય તો કઈ તારીખે એજન્સી રદ કરાવેલ છે? જો કરેલ હોય તો કંપનીના એજન્સી રદ કર્યાની જાણ કરતાં પત્રની નકલ. (ગ) તેઓનું એજન્સી લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ છે કે કેમ? જો કરવામાં આવેલ હોય તો કઈ તારીખે કરેલ છે? (ઘ) તા.૧૭–૧૦–૦૬ પછી સદરહુ એજન્સીમાં ભાગ્યેશકુમાર ઘીવાલા ધ્વારા કરવામાં આવેલ કમિશન અંગેના નાણાકીય વ્યવહારની આજ દિન સુધીની વિગત. (ચ) તા.૧૭–૧૦–૦૬ પછી તેઓની એજન્સીમાં કોઈ કમીશન તેઓના નામે જમા થયેલ છે કે કેમ? જો થયેલ હોય તો કયા સંજોગોમાં જમા કરાવામાં આવેલ છે તેની વિગત. (છ) ઈફકો ટોકીયા જનરલ ઈન્સ્યુરન્સ કાં. લીમીટેડની એજન્સીમાં તા.૧૭–૧૦–૦૬ બાદ તેઓ ધ્વારા ઈન્સ્યુરન્સને લગતી કે એજન્સીને લગતી અન્ય કોઈ કામગીરી કરવામાં આવી છે કેમ? ઉપર મુજબની ક થી છ ના મુદ્દાવાઈઝ અલગ અલગ માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ બાબતે ઈફકો ટોકયો જનરલ ઈન્સ્યુરન્સ કંપની લી. એ મધ્યસ્થ મહેકમની કચેરીને લખેલ પત્ર તા.૧૦–૧–૧૦ તથા ૨–૨–૧૦ સાથે સામેલ ભાગ્યેકુમાર ઘીવાળાની મેનેજર ઈફકો ટોકયો જનરલ ઈન્સ્યુરન્સ કંપની લી.ને કરેલ અરજીની નકલ સામેલ છે. તેવું જણાવેલ છે. વધુમાં અરજદારે અપીલના આધાર તરીકે સુમપાના કર્મચારીને લગતી શિસ્તના નિયમો વિરુધ્ધની કાર્યવાહી અંગે કર્મચારીનો ખુલાસો પણ પુછવાની

તસ્દી લેવામાં આવેલ નથી. સુમપા સ્વાયત સંસ્થા હોય કંપનીએ આજ દિન સુધી પ્રત્યુત્તર આપેલ નથી. તેવો નામોશીભર્યો જવાબ ઉચિત નથી. તેવી રજૂઆત કરેલ છે. જે અંગે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

મુદ્દા નં.(૬) સુરત મહાનગપાલિકામાં તાલીમાર્થી ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે પ્રોબેશન ઉપર હાલમાં ફરજ બજાવતા ભાગ્યેશકુમાર પી. ઘીવાળા કર્મ નં.૩૩૧૦૫ તા.૧૭–૧૦–૦૬ ના રોજ સુરત મહાનગપાલિકાની નોકરીમાં જોડાયા બાદ ઈફકો જનરલ ઈન્સ્યુરન્સ કાું. લીમીટેડમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા સ્વતંત્ર રીતે તપાસ કરતાં તેઓ ઓથોરીટીને ગેરમાર્ગે દોરનારું હોવાનું સ્પષ્ટપણે ફલિત થાય છે. નિયમ મુજબ ઈફકો ટોકયો જનરલ ઈન્સ્યુરન્સ કાું. લીમીટેડ વિરુધ્ધમાં શું કાર્યવાહી કરવામાં આવી? તેનો સ્પષ્ટ જવાબ લેખિતમાં આપવો. ઈફકો ટોકયો જનરલ ઈન્સ્યુરન્સ કાું. લીમીટેડના આ વર્તણુંક અંગે તેની હેડ ઓફિસને (હરીયાણા) જાણ કરવામાં આવેલ છે કે કેમ? જો કરવામાં આવેલ હોય તો તમામ રીપોર્ટસ/ નોટીસ તથા તેના અનુસંધાને ઈફકો ટોકયો જનરલ ઈન્સ્યુરન્સ કાું. લીમીટેડની હેડ ઓફિસ તરફથી રજૂ કરવામાં આવેલ ખુલાસાઓની દરેકની નકલ–૧ સર્ટીફાઈડ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મધ્યસ્થ મહેકમના રેકર્ડ આધારીત માહિતી નીલ છે. તેવું જણાવેલ છે. વધુમાં અરજદારે અપીલના આધાર તરીકે નિયમ મુજબ બાદ ઈફકો ટોકીયો જનરલ ઈન્સ્યુરન્સ કાું. લી. વિરુધ્ધમાં શું કાર્યવાહી કરવામાં આવી તેનો લેખિતમાં જવાબ આપવા તથા ઈન્સ્યુરન્સ કંપની તરફથી રજૂ કરવામાં આવેલ ખુલાસાના જવાબની નકલ આપવી. તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ નીલ માહિતી આપેલ હોવાનું જણાવેલ છે.

મુદ્દા નં.૭ શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાલા કર્મ નં.૩૩૧૦૫ તા.૧૭–૧૦–૦૬ ના રોજ સુરત મહાનગપાલિકાની નોકરીમાં જોડાયા બાદ કરેલ અન્ય નોકરી વ્યવસાય એજન્સી ધ્વારા મેળવેલ પગાર કમિશન વિગેરેની સુરત મહાનગરપાલિકા ધ્વારા સ્વતંત્ર રીતે તપાસ કરવામાં આવેલ હોય તે તપાસની સ્પષ્ટ વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાળાની માહિતી સંદર્ભે અરજદારને તેઓની સમાન પ્રકારની અરજી સંદર્ભે કરેલ કાર્યવાહીની સંપૂર્ણ વિગતથી વાકેફ કરવામાં આવેલ છે જેની પૂર્તતા મુદ્દા નં.૧૪ માં કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. વધુમાં અરજદારે અપીલના આધાર તરીકે સ્વતંત્ર રીતે તપાસ કરવામાં આવી છે કે નથી તેની સ્પષ્ટ માહિતી આપવી. તેવી રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારને અગાઉની અરજીઓ સંદર્ભે જે તે સમયે વાકેફ કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે.

મુદ્દા નં.૮ શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાલા કર્મ નં.૩૩૧૦૫ તા.૧૭–૧૦–૦૬ ના રોજ સુરત મહાનગપાલિકાની નોકરી મેળવ્યા બાદ કરેલ અન્ય નોકરી વ્યવસાય એજન્સી ધ્વારા પગાર કમિશન મેળવતા હોય તે **ધી સુરત ડિસ્ટ્રીકટ કો. ઓપરેટીવ બેન્ક લિ. રાંદેર સુરત શાખામાં સેવિગ્સ, એકાઉન્ટ નં.૦૦૩૩૪૧ ના ખાતામાં થયેલ નાણાકીય વ્યવહારની જે ઈન્કમટેક્ષના** Permanent Account No.AIEPGO145N રીટર્ન્સ ભરેલા છે તેની સુરત મહાનગપાલિકા તરફથી તપાસ કરવામાં આવેલ છે કે કેમ? જો ન કરવામાં આવી હોય તો તે કયા નિયમો હેઠળ અને કયા અધિકારીના આદેશથી તપાસ કરવામાં આવેલ નથી.તેનો સ્પષ્ટ જવાબ લેખિતમાં આપવો. સુરત મહાનગરપાલિકાની નોકરીમાં જોડાયા બાદ ધી સુરત ડિસ્ટ્રીકટ કો. ઓપરેટીવ બેન્ક લિ. રાંદેર સુરત શાખામાં સેવિગ્સ, એકાઉન્ટ નં. ૦૦૩૩૪૧ ના ખાતામાં થયેલ કમિશનનો નાણાકીય વ્યવહારની નીચે મુજબ સુરત મહાનગરપાલિકા તરફથી તપાસ કરવામાં આવેલ છે કે કેમ? જો તપાસ ન કરવામાં આવી હોય તો તે કયા કારણોસર તપાસ કરવામાં આવેલ નથી વિગેરેની આજ દિન સુધીની પૂરેપૂરી વિગતવાર માહિતી.

ધી સુરત ડિસ્ટ્રીકટ કો. ઓપરેટીવ બેન્ક લિ. રાંદેર સુરત શાખામાં સેવિગ્સ, એકાઉન્ટ નં.૦૦૩૩૪૧ ના ખાતામાં થયેલ કમિશનનો નાણાકીય વ્યવહાર નીચે મુજબ છે.

| તારીખ | ચેક નંબર | જમા થયેલ રકમ | તારીખ | ચેક નંબર | જમા થયેલ રકમ |
|---|---|---|---|---|---|
| ૧૬–૧ ૨–૦૬ | ૦૦૯ | ૨૦૫૮૫.૦૦ | ૨૫–૫–૦૭ | ૦૦૭ | ૧ ૮૮૦૦૦.૦૦ |
| ૨૭–૧–૦૭ | ૦૧૨ | ૧૨૭૮૦.૦૦ | ૧૬–૬–૦૭ | ૦૦૯ | ૮૪૧૪.૦૦ |
| ૦૯–૦૨–૦૭ | ૦૧૭ | ૧૯૩૨૫૦.૦૦ | ૧૭–૭–૦૭ | ૦૨૧ | ૨૫૬૩.૦૦ |
| ૨૦–૦૨–૦૭ | ૦૦૩ | ૩૪૧૪.૦૦ | ૨૪–૦૮–૦૭ | ૦૦૬ | ૪૪૨૭.૦૦ |
| ૧૭–૦૩–૦૭ | ૦૧૧ | ૪૨૩૭.૦૦ | ૦૩–૧૦–૦૭ | ૦૬૬ | ૫૨૨.૦૦ |
| ૨૪–૦૪–૦૭ | ૦૦૯ | ૩૮૦૬.૦૦ | ૦૬–૧૧–૦૭ | ૦૧૨ | ૨૪૧૧.૦૦ |
| ૧૯–૦૫–૦૭ | ૦૨૦ | ૪૧૧૧.૦૦ | | | |

તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આ અગાઉ રેકર્ડ આધારીત માહિતી આપવામાં આવેલ છે પરંતુ મુદ્દા નં.૪ ની પૂર્તતા મુજબ માંગેલ માહિતીમાં " શા માટે" તેમજ કોઈ બાબતની ઉચિતતા અંગેના તારણ પુછવાનો સમાવેશ માહિતીની વ્યાખ્યામાં થતો નથી તેવું જણાવેલ. વધુમાં અરજદારે અપીલના આધાર તરીકે તપાસ કરવામાં આવેલ છે કે કેમ? જો ન કરવામાં આવી હોય તો તે કયા કારણો સર તપાસ કરવામાં આવેલ નથી તેની વિગતવાર માહિતી આપવી. તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારના પ્રશ્ન બાબતે ઉચિતતા અંગેના કારણ પુછવાનો સમાવેશ માહિતીની વ્યાખ્યામાં થતો નથી. તેવું જણાવેલ છે.

મુદ્દા નં.૯ સુરત મહાનગપાલિકામાં તાલીમાર્થી ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે પ્રોબેશન તરીકે હાલમાં ફરજ બજાવતાં શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાલા કર્મ નં.૩૩૧૦૫ અંગે અમો અરજદાર ધ્વારા કર્મચારી વિરૂધ્ધ જરૂરીયાત કરતાં વધારે પુરાવાઓ આપવા છતાં તાલીમી કર્મચારી હોવા છતાં તેની સામે ખાતાકીય પગલા ભરી નોકરીમાંથી સસ્પેન્ડ/દુર કરવા સુધીના પગલા ભરવાની કાર્યવાહી પૂરી કરેલ નથી. જે માટે જવાબદાર અધિકારીનું નામ, હોદ્દો લેખિતમાં જણાવા વિનંતી. સુરત મહાનગપાલિકાના કર્મચારીને લગતી શિસ્તના નિયમો વિરુધ્ધની કાર્યવાહી અંગે પુરાવાઓ આપવામાં આવેલ હોય તે કર્મચારીનો ખુલાસો પણ પુછવાની તસ્દી લેવામાં આવેલ નથી. સુરત મહાનગરપાલિકા સ્વાયત્ત સંસ્થા હોય ગુજરાત સીવીલ સર્વીસીસ રુલ્સ તથા સુરત મહાનગપાલિકાના ઠરાવેલા નિતી નિયમોનુસાર કર્મચારીએ આચરેલ ગુના અંગે પ્રથમ દર્શનીય ગંભીર પુરાવો મળેલ હોય તો તેને તાત્કાલીક અસરથી અમલમાં આવે તે રીતે સસ્પેન્ડ/બરતરફ કરવાનો રહે છે. આ કેસમાં તેવું કયા નિયમો કારણસર રહેલ છે. તેની તમામ વિગત. આ રીતે કર્મચારીને ખોટી રીતે રક્ષણ આપવા માટે છેવટની કયા અધિકારીની જવાબદારી છે? તેની સ્પષ્ટ જવાબ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૪ મુજબ. તેવું જણાવેલ છે. વધુમાં અરજદારે અપીલના આધાર તરીકે પૂરેપૂરી વિગતવાર માહિતી આપવી. તેવી રજૂઆત કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

મુદ્દા નં.૧૦ ભાગ્યેશકુમાર પી. ઘીવાલા કર્મ નં.૩૩૧૦૫ વિરુધ્ધ કરવામાં આવેલ અરજી સંદર્ભે જરૂરી આધાર પુરાવાઓ સહિત અરજી કરવામાં આવેલ તેના અનુસંધાને સુરત મહાનગરપાલિકા તરફથી કર્મચારી વિરુધ્ધ તપાસ ચાલુ હોય તો તેવા સંજોગોમાં કર્મચારીને નોકરીમાં **પ્રોબેશન ઉપર કે કાયમી** કરી શકાય કે કેમ? જો તેઓને કાયમી ધોરણે ફરજ પર લેવામાં આવશે તો તે કયા કાયદાની કલમ/નિયમો હેઠળ તેની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૪ મુજબ. તેવું જણાવેલ છે. વધુમાં અરજદારે અપીલના આધાર તરીકે કર્મચારી વિરુધ્ધ તપાસ ચાલુ હોય તો કર્મચારીને કાયમી ધોરણે ફરજ પર લઈ શકાય કે કેમ? જેની માહિતી આપેલ નથી. તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે અરજદારને જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૪ નો ઉલ્લેખ કરી અમુક બાબતો શા માટે ન કરવામાં આવી કે ન કરવામાં આવી તે જણાવવાનું જાહેર માહિતી અધિકારીઓ પાસેથી અપેક્ષા રાખી શકાય નહીં ઉચિતપણુ ન્યાય નિર્ણય કરનાર સત્તાધિકારીઓની સત્તામાં આવે છે અને તેને માહિતી તરીકે યોગ્ય રીતે વર્ગીકુત કરી શકાય નહીં તેવું જણાવેલ છે.

મુદ્દા નં.૧૧ સુરત મહાનગપાલિકામાં તાલીમાર્થી ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે પ્રોબેશન તરીકે હાલમાં ફરજ બજાવતાં શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાલા કર્મ નં.૩૩૧૦૫ વિરુધ્ધ અમો અરજદાર ધ્વારા કર્મચારી વિરુધ્ધ જરૂરીયાત કરતાં વધારે પુરાવાઓ નીચે મુજબ આપેલ. (ક) ધી સુરત ડિસ્ટ્રીકટ કો. ઓપરેટીવ બેન્ક લિ. રાંદેર સુરત શાખામાં સેવિગ્સ, એકાઉન્ટ નં.૦૦૩૩૪૧ ના ખાતામાં થયેલ કમિશનનો નાણાકીય વ્યવહારની પાસબુકની ઝેરોક્ષ નકોલ. (ખ) ઈફકો ટોકયો જનરલ ઈન્સ્યુરન્સ કાં. લીમીટેડમાં લાઈસન્સ નં.૫૭૭૧૬૬૮૯૨૫ ધરાવતાં હતા અને તેઓનો એજન્ટ નં.૫૨૦૦૦૧૯૬ છે જેની એક્ષ્પાયરી તા.૨૧–૪–૦૭ હતી તે લાઈસન્સ પુરું થાય તે પહેલા તા.૨૯–૧–૦૭ માં જ રીન્યુ કરાવેલ. તેનો સ્ક્રોલ નં.૨૦૩૫૮૯ થી રૂા.૩૫૦/– જમા કરાવેલ છે તેની ઝેરોક્ષ નકલ આપેલ. (ગ) ઈફકો ટોકયો જનરલ ઈન્સ્યુરન્સ કાં. લીમીટેડ આપેલ ફોર્મ નં.૧૬/એ (ટીડીએસ) ની ઝેરોક્ષ નકલ આપેલ. (ઘ) ઈફકો ટોકયો જનરલ ઈન્સ્યુરન્સ કાં. લીમીટેડમાં લાઈસન્સ નં.૫૭૭૧૬૬૮૯૨૫ ધરાવતાં હતા અને તેઓનો એજન્ટ નં.૫૨૦૦૦૧૯૬ માં તા.૧૭–૧૦–૦૬ થી ઉતારેલ તમામ નવી પોલીસીની ઝેરોક્ષ નકલ આપેલ. ઉપરોકત પુરાવાઓ અરજદાર ધ્વારા આપવામાં આવેલ હોવા છતાં તાલીમી કર્મચારી હોવા છતાં તેની સામે પગલા ભરી નોકરીમાંથી સસ્પેન્ડ/દુર કરવા સુધીના પગલા ભરવાની કાર્યવાહી પૂરી કરેલ નથી. જે માટે જવાબદાર અધિકારીનું નામ હોદ્દો લેખિતમાં જણાવવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૪ મુજબ. તેવું જણાવેલ છે. વધુમાં અરજદારે અપીલના આધાર તરીકે સ્પષ્ટ કારણો લેખિતમાં આપવા વિનંતી. તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે અરજદારને જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૪ નો ઉલ્લેખ કરી અમુક બાબતો શા માટે ન કરવામાં આવી કે ન કરવામાં આવી તે જણાવવાનું જાહેર માહિતી અધિકારીઓ પાસેથી અપેક્ષા રાખી શકાય નહીં ઉચિતપણુ ન્યાય નિર્ણય કરનાર સત્તાધિકારીઓની સત્તામાં આવે છે અને તેને માહિતી તરીકે યોગ્ય રીતે વર્ગીકુત કરી શકાય નહીં તેવું જણાવેલ છે.

મુદ્દા નં.૧૨ સુરત મહાનગપાલિકામાં તાલીમાર્થી ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે પ્રોબેશન તરીકે હાલમાં ફરજ બજાવતાં શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાલા કર્મ નં.૩૩૧૦૫ અંગે અમો અરજદારે પર્સોનલ ઓફિસર મહેકમ સુરત મહાનગપાલિકાએ નં.જીએડી/ઈએસટી/૨૦૪૧ તા.૩૦–૯–૦૯ સંદર્ભ <u>(૧) તમારી તા.૨૭–૮–૦૯ ની અરજી (૨) નં.જીએડી/ઈએસટી/૧૭૦૧ તા.૦૨–૦૯–૦૯ . ઉપરોકત વિષય પરત્વે સંદર્ભ હેઠળની અરજી અન્વયે મળેલા આદેશાનુસાર ફરી જણાવવાનું કે પ્રસ્તુ તબકકે ડે.કમિ.(પઅનેઈ) ને રૂબરૂ મળી જશો.</u> તે પત્ર અનુસાર અમો અરજદાર ડે.કમિ.શ્રી (પઅનેઈ) ને રૂબરૂ મળેલ પરંતુ તા.૨૭–૮–૦૯ ની અરજી તથા નં.જીએડી/ઈએસટી/૧૭૦૧ તા.૨–૯–૦૯ બાબતે કર્મચારી મજકુર સામે નિયમ મુજબ નોકરીમાંથી સસ્પેન્ડ કરવા/દુર કરવા અંગેની શું કાર્યવાહી કરવામાં આવી? ગુજરાત સીવીલ સર્વીસીસ રૂલ્સ તથા સુરત મહાનગપાલિકા ઠરાવેલા નિતી નિયમો અનુસાર કર્મચારીએ આચરેલ ગુના અંગે પ્રથમ દર્શનીય ગંભીર પુરાવો મળેલ હોય તો તેને તાત્કાલીક અસરથી અમલમાં આવે તે રીતે સસ્પેન્ડ કરવાનો રહે છે. આ કેસમાં તેવું શા માટે કરવામાં આવેલ નથી અને તેને કયા કારણોસર રક્ષણ પુરું પાડવામાં આવી રહેલ છે. આ રીતે કર્મચારીને ખોટું રક્ષણ આપવા માટે છેવટની જવાબદારી કોની? તેનો સ્પષ્ટ જવાબ ડે.કમિ.(પઅનેઈ) પાસે રૂબરૂમાં માંગેલ. પરંતુ આજ દિન સુધીમાં આપવામાં આવેલ નથી તે કયા કારણથી આપવામાં આવેલ નથી. તેનો સ્પષ્ટ જવાબ લેખિતમાં આપવો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૪ મુજબ. તેવું જણાવેલ છે. વધુમાં અરજદારે અપીલના આધાર તરીકે આજ દિન સુધીમાં તેનો જવાબ આપવામાં આવેલ નથી તે કયા કારણથી આપવામાં આવેલ નથી તેનો સ્પષ્ટ જવાબ લેખિતમાં આપવો. તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે અરજદારને જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૪ નો ઉલ્લેખ કરી અમુક બાબતો શા માટે ન કરવામાં આવી કે ન કરવામાં આવી તે જણાવવાનું જાહેર માહિતી અધિકારીઓ પાસેથી અપેક્ષા રાખી શકાય નહીં ઉચિતપણુ ન્યાય નિર્ણય કરનાર સત્તાધિકારીઓની સત્તામાં આવે છે અને તેને માહિતી તરીકે યોગ્ય રીતે વર્ગીકુત કરી શકાય નહીં . વધુમાં ભાગ્યેશ ઘીવાલાને મેમો, શો કોઝ નોટીસ ચાર્જશીટની વિગતો મહેકમ વિભાગનો રેકર્ડ પર નથી તેવું જણાવેલ છે.

મુદ્દા નં.૧૩ સુરત મહાનગપાલિકામાં તાલીમાર્થી ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે પ્રોબેશન તરીકે હાલમાં ફરજ બજાવતાં શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાલા કર્મ નં.૩૩૧૦૫ બાબતે મ્યુ.કમિ.શ્રીને લેખિતમાં કરેલ ઉદ્દેશીને તા.૧૫–૧૦–૦૮, તા.૨૭–૧૦–૦૮, તા.૨૭–૦૮–૦૯ ના રોજ કે જે સાથે તમામ દસ્તાવેજી પુરાવાઓ સાથે નોટીસ મોકલાવેલી તે નોટીસ મુજબ તમોએ આજ દિન સુધી શું કાર્યવાહી કરેલી છે? તે તમામ કાર્યવાહીને લગતા તમામ પ્રકારના પત્રો વ્યવહારો તે અંગે જે કંઈ પગલા લીધેલ હોય તે અંગેની પૂરેપૂરી વિગતવાર માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદાર મજકુરની સમાન પ્રકારની અરજી સંદર્ભે કરેલ કાર્યવાહીની સંપૂર્ણ વિગતથી અરજદારને વાકેફ કરવામાં આવેલ છે. જેની જાણ અરજદારને મુદ્દા નં.૧૪ ની પૂર્તતા મુજબ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. વધુમાં અરજદારે અપીલના આધાર તરીકે કાર્યવાહીને લગતા તમામ પ્રકારના જવાબ આપવાની તારીખ સુધીના પત્ર વયવહારોની નકલ આપવામાં આવેલ નથી જે કંઈ પગલા લીધેલ હોય તે અંગેની માહિતી આપવામાં આવેલ નથી. તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારની સમાન પ્રકારની અરજી સંદર્ભે કરેલ કાર્યવાહીની સંપૂર્ણ વિગતથી અરજદારને વાકેફ કરવામાં આવેલ છે તથા તેની જાણ મુદ્દા નં.૧૦ મુજબ કરેલ હોવાનું જણાવેલ છે.

મુદ્દા નં. (૧૪) સુરત મહાનગપાલિકામાં તાલીમાર્થી ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે પ્રોબેશન તરીકે હાલમાં ફરજ બજાવતાં શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાલા કર્મ નં.૩૩૧૦૫ બાબતે અમો અરજદારે તથા અન્ય અરજદારે સુરત મહાનગપાલિકાની કચેરીમાં કરેલ ઈ–મેઈલથી કરેલ ફરીયાદો લેખિતમાં કરેલ ફરીયાદો/અરજીઓની રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટની નીચે કરેલી નમુનો–ક , નમુનો–જ માં અરજી/અપીલો તથા હુકમો વિગેરેની આઈ ડી નંબર, અપીલ નંબર, હુકમ નંબર તથા તારીખ સહિતની ફકત વિગતવાર માહિતી આપવી. ( ફરીયાદો/અરજીઓની કે નમુનો –ક, નમુનો–જ હુકમની નકલ આપવી નહીં ફકત માહિતી જ આપવી. ) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શ્રી રાજેશ જયંતિભાઈ પટેલ તથા અન્ય અરજદારે સુરત મહાનગપાલિકામાં ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે ફરજ બજાવતાં શ્રી ભાગ્યેશકુમાર પી.ઘીવાળા બાબતે કરેલ અરજીઓ /ફરીયાદોની વિગત, અરજીની તારીખ, અરજીની વિગત આપેલ માહિતી જવાબની વિગત તથા રીમાર્કસની અનુક્રમ નં.૧ થી ૨૫ તથા અરજદાર શ્રી પીયુષ ઠાકોરભાઈ પટેલે કરેલ અરજીની વિગત અનુક્રમ નં.૧ થી ૨ નું લીસ્ટ માહિતીમાં અરજીની તારીખ, વિગત, આપેલ માહિતી અને રીમાર્કસ કોલમ સહિત મુદ્દા નં.૧૪ માં ક્રમ નં.૧ થી ૨૫ તથા ૧ થી ૨ માં અનુક્રમે જણાવેલ છે. વધુમાં અરજદારે અપીલના આધાર તરીકે માંગવામાં આવેલ તમામ માહિતીનો જવાબ આપવામાં આવેલ નથી. બૈજુભાઈ પારેખ ,વિરેશ ઠાકોરભાઈ પટેલે કરેલ અરજી/વિગત અંગેની માહિતી આપવામાં આવેલ નથી કયા કારણસર માહિતી આપવામાં આવેલ નથી. તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની રહે.

જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ભારત સરકારની કચેરી યાદી ૧–૭–૦૯ થી હવાલો આપી મુદ્દા ન.૪,૭,૮ થી ૧૨ અંગે ઉચિતતા અંગે કારણ પુછવાનો સમાવેશ માહિતીની વ્યાખ્યામાં થતો નથી. એવું જણાવેલ છે. આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) હેઠળની માહિતીની વ્યાખ્યા સાથે તે સુસંગત નથી. માહિતીના ઈન્કાર માટે કલમ–૮,૯ કે ૧૧ હેઠળના આ બાબતે અપવાદ જણાવેલ નથી. જેથી આવી બાબતો દફતરે ઉપલબ્ધ હોય તો જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડવી રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૩–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં. ૩ તથા ૬ થી ૧૪ થી આપેલ માહિતી અંગે તથા મુદ્દા નં. ૪ તથા નોટીસ, શો–કોઝ કે ચાર્જશીટની રેકર્ડ ઉપલબ્ધ ન હોવાની ચકાસણી બાબતે તથા ૧૪ અરજદાર અનિલ બૈજુભાઈ પારેખ અને વિરેશ ઠાકોરભાઈ પટેલની અરજીઓની માહિતી સંદર્ભે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરીના કામકાજ દરમ્યાન દિન–૭ માં બાબત હેઠળના સબંધિત દફતરનું ઈન્સ્પેકશન કાયદાની કલમ–૭(૬) હેઠળ કરી શકે છે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયે તદઅનુસારની અમલવારી કરવા પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને જણાવવામાં આવે છે.

તકરાર નિવારણની બાબતો અંગે અરજદાર સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ......જાણ તથા અમલ માટે
(૨) શ્રી રાજેશભાઈ જયંતીભાઈ પટેલ